# Chando ugyo chok ma ghayal lyrics in Gujarati by Diwaliben Bhil

હે ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઊગ્યો ચોકમાં
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઊગ્યો ચોકમાં
હે લેરીડા હરણ્યું આથમી રે હાલાર શેરમાં રે અરજણયિા
હે લેરીડા હરણ્યું આથમી રે હાલાર શેરમાં રે અરજણયિા…

હે પાવો રે વગાડ મા ઘાયલ
હે પાવો રે વગાડ મા ઘાયલ પાવો રે વગાડમા
પાવાના સુરે મન મોયા અરજણયિા
પાવાના સુરે મન મોયા અરજણયિા
હે ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઊગ્યો ચોકમાં
હરણ્યું આથમી રે હાલાર શેરમાં રે અરજણયિા
હરણ્યું આથમી રે હાલાર શેરમાં રે અરજણયિા…

હે ઝાંપે મારી ઝૂંપડી ઘાયલ
હે ઝાંપે મારી ઝૂંપડી ઘાયલ ઝાંપે મારી ઝૂંપડી
આવતા જાતાનો વાહો કરજે ગોરાંદે
આવતા જાતાનો વાહો કરજે ગોરાંદે
હે ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઊગ્યો ચોકમાં
હરણ્યું આથમી રે હાલાર શેરમાં ગોરાંદે
હરણ્યું આથમી રે હાલાર શેરમાં ગોરાંદે…

Gujarati Lyrics.com